## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સ્વચ્છતા અભિયાન માટે આ સાવરણી સાવરણાની જરૂર નથી... ખાલી બે ચાર મીડિયા ફોટોગ્રાફરને બોલાવી લો...

# ગૌણ સેવા પસંદગી મંડળનું પગલું ઉમેદવારો પર માનસિક કુઠરાઘાત સમાન..!!!

**ગાંધીનગરમાં મહિને બારથી પંદર હજારનો ખર્ચ કરીને છેલ્લાં એક વર્ષથી વધુ સમયથી રહેતા ઉમેદવારો હજુ આઘાતમાં : સ્નાતક ના હોય તેવા ધો. ૧૨ પાસ ઉમેદવારોને છેતરાયાંની લાગણી : મોટાભાગના ઉમેદવારો મધ્યમ અને નબળા વર્ગના**

ગાંધીનગર, તા. ૧૪

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તા. ૨૦મી સપ્ટેમ્બરે લેવાનાર બિન સચિવાલય કલાર્ક અને ઓફિસ આસિસ્ટન્ટની પરીક્ષા ફરી એકવાર અચાનક રદ કરી દેવાતા સમગ્ર રાજયમાં ઉમેદવારોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. ગાંધીનગરમાં આ પરીક્ષાઓની તૈયારીઓ માટે છેલ્લાં એક વર્ષથી પણ વધુના સમયથી રાજયભરમાંથી તાલીમ લેવા આવીને વસેલા ઉમેદવારોની હાલત કફોડી થવા પામી છે અને તેમાં પણ ધોરણ-૧૨ પાસ પરંતુ સ્નાતક ના હોય તેવા ઉમેદવારોને તો મંડળ દ્વારા છેતરાયાંની લાગણી થવા પામી રહી છે. એક અંદાજ મુજબ મહિને રૂ. ૧૨ હજારથી રૂ. ૧૫ હજાર સુધીનો ખર્ચ કરીને આ પરીક્ષાની તૈયારીઓ કરનારા ઉમેદવારો તેમના નાણાં અને સમય વ્યર્થ ગયો હોવાથી માનસિક રીતે પડી ભાંગ્યા હોય તેવી સ્થિતિ સર્જાવા પામી છે.

છેલ્લાં કેટલાક વર્ષોમાં ગાંધીનગર રાજયભરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમનું કેન્દ્ર બનીને ઉભર્યુ છે જેના કારણે શહેરમાં રાજયના વિવિધ ઠેકાણેથી હજ્જારોની સંખ્યામાં યુવાનો સરકારી નોકરી પ્રાપ્ત કરવા આ તાલીમ કેન્દ્રોમાં તાલીમ મેળવવા ''ગાંઠનું ગોપીચંદન'' કરીને હંગામી વસવાટ કરી રહ્યાં છે.

આ ઉમેદવારોની સંખ્યા એટલી મોટી છે કે જેના પગલે શહેરમાં કેટલાક વર્ષોથી મકાન ભાડા આસમાને આંબી રહ્યાં છે અને મકાન ભાડે અપાવતા પ્રોપર્ટી દલાલો મલાઈ તારવી રહ્યાં છે. સરકારી નકશા મજુબ નિશ્ચિત સંખ્યામાં મર્યાદિત મકાનો સાથે વિકસાવાયેલા પાટનગરમાં સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને કારણે મકાનો ત્રણ ત્રણ માળ સુધી ઊંચા થઈ ગયા છે અને મકાનભાડા પણ વધી જવા પામ્યાં છે. આ પરીક્ષાની તૈયારીઓ કરવા આવેલા યુવાનો બે-ત્રણથી માંડીને સાત-આઠ યુવાનો એક સાથે એક જ રૂમમાં ભાડુ શેરીંગ કરીને વસવા અથવા ખાનગી હોસ્ટેલમાં 'બેડ' રાખવાનો કર્ચ કરવા સાથે કોચીંગ એકેડેમીની ફી, રિડીંગ લાયબ્રેરીની ફી, ખાધા-ખોરાકી તથા ચા-પાણી અને મોબાઈલ-પેટ્રોલ જેવા આવશ્યક ખર્ચ કરીને કરકસરથી રહેવા છતાં રૂ. ૧૨ હજારથી રૂ. ૧૫ હજારનો મહિને ખર્ચ કરી રહ્યાં છે.

આમ બિનસચિવાલય અને ઓફિસ આસિસ્ટન્ટની પરીક્ષાના ઉમેદવારો છેલ્લા ૧૫ માસમાં બે થી અઢી લાખનો ખર્ચ કરી ચુક્યાં છે. જેમાંથી મોટા ભાગના યુવાનો મધ્યમ વર્ગના કે આર્થિક રીતે નબળા વર્ગમાંથી આવે છે. સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાત, પાલનપુર-ડીસા-થરાદ વગેરે સ્થળોએથી આવેલા આ ઉમેદવારોને બે વખત પરીક્ષા મુલત્વી રહેવાને કારણે અગાઉ પણ પોતાના ધાર્યા ખર્ચમાં ખોટા પડી માંડ માંડ મન મનાવીને વધુ આર્થિક જોખમ ખેડીને તાલીમ મેળવી રહ્યાં હતા જેમને ફરી એકવાર પરીક્ષા રદ થતા 'છેતરાયા'ની લાગણી અનુભવાઈ રહી છે અને સમગ્ર તંત્ર પર ફીટકાર વરસાવી રહ્યાં છે. ખાસ કરીને જે ઉમેદવારો સ્નાતક નથી તેમના માટે તો આ ઘટના ''આઘાત'' સમાન નિવડી રહી છે. કેમ કે ગૌણ સેવા પસંદગી મંડળ હવે આ પરીક્ષાઓની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધો. ૧૨ પાસને બદલે સ્નાતક સુધીની કરવા જઈ રહ્યું છે તેવી બાબત ચૌરે ને ચૌટે ચર્ચાઈ રહી છે. આ યુવાનો રીતસર માનસિક રીતે પડી ભાંગ્યા છે અને તેમને પહોંચેલ આ માનસિક કુઠરાઘાત તેમના જીવનમાં કેવા ગંભીર પરિણામો લાવશે તે તો સમય જ કહેશે પરંતુ આ માટે જવાબદાર માત્ર અને માત્ર ગૌણ સેવા પસંદગી મંડળ જ રહેશે તેમાં બેમત નથી.

## ગાંધીનગરના યુવાન દિવ્ય ત્રિવેદીને ગાંધી સ્મૃતિ ચિન્હ અવૉર્ડ મળ્યો

'સંકલ્પ ફોર ખાદી' નવી દિલ્હી દ્વારા રિવરફ્રન્ટ અમદાવાદ ખાતે ગાંધીજીની ૧૫૦ મી જયંતિ નીમીત્તે આયોજિત ખાદીના




પ્રચાર પ્રસાર માટે યોજાયેલ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ માં ખાદીમાંથી બનાવેલ વસ્ત્રોનો ફેશન શો, ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય લેવલે વિવિધ જાણીતી હસ્તીઓને પોતાના કાર્યક્ષેત્રમાં કરેલ વિશિષ્ઠ સિદ્ધિ બદલ સન્માનિત કરાયા હતા. જેમાં ગાંધીનગરનો યુવાન અને નાની ઉંમરમાં સમાજસેવા અને યુવા ઉત્થાન ક્ષેત્રમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવવા માટે શ્રી દિવ્ય ત્રિવેદીનું સન્માન ઉત્તરપ્રદેશના કેબિનેટ મંત્રી અને શ્રમિક રોજગાર કલ્યાણ બોર્ડના ચેરમેન શ્રી સુનિલ ભરાલાજી, ગાંધીનગરના ડેપ્યુટી મેયર શ્રી નાજાભાઈ ઘાંઘર, પ્રદેશ ભાજપના વરિષ્ઠ આગેવાન અને પ્રવક્તા ડૉ અનિલ પટેલજીની વિશેષ ઉપસ્થિતિમાં એવૉર્ડ પ્રદાન કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે દિવ્ય ત્રિવેદી તમામ એવૉર્ડ વિનરમાંથી સૌથી યુવા વયની સિદ્ધિ ધરાવે છે. સંકલ્પ ફોર ખાદી સંસ્થા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના અધ્યક્ષસ્થાન ધરાવતી ખાદી સ્મૃતિ અને દર્શન સમિતિ, ભારત સરકાર અને ભારત સરકારની વસ્ત્ર મંત્રાલય દ્વારા એકમાત્ર અધિકૃત સંસ્થા છે. સંસ્થાના અધ્યક્ષ શ્રી પરિધિ શર્માએ દિવ્ય ત્રિવેદીને અભિનંદન આપ્યા હતા.

## રીપબ્લિક ઓફ કેન્યા કાઉન્ટી એસેમ્બલીના સચિવ કક્ષાના ડેલીગેશનની વિધાનસભાની મુલાકાત

રીપબ્લિક ઓફ કેન્યા કાઉન્ટી એસેમ્બલીના સચિવકક્ષાના ડેલીગેશનની વિધાનસભા સચિવાલયની મુલાકાતના ભાગરૂપે સૌ પ્રથમ વિધાનસભા ખાતે ચોથા માળે આવેલ સમિતિ ખંડ-૧માં વિધાનસભાના નાયબ સચિવ સી.બી. પંડ્યાએ ડેલીગેશનના સર્વે સભ્યોને આવકાર્યા હતા. અધિકારીઓએ પોતાનો ટૂંકમાં પરિચય આપ્યો હતો તથા ડેલીગેશનના સભ્યોએ પણ પોતાનો પરિચય આપ્યો હતો.

ડેલીગેશનના સભ્યોએ વિધાનસભા સચિવાલયના સચિવ ડી.એમ. પટેલ સાથે સંસદીય વિષયો પરની પ્રશ્નોત્તરી અંતર્ગત અંદાજીત એક કલાક સુધી ચર્ચા કરી, ગુજરાત વિધાનસભાની કાર્યરીતિ અને પ્રણાલીઓ, સત્ર દરમિયાન કરવામાં આવતી વિશેષ કામગીરી, વિધાનસભાના અસરકારક સંચાલન માટેની નીતિઓ વિશે, વિધાનસભાના નિયમો તેમજ ત્યાંની કાઉન્ટી એસેમ્બલીના સંચાલન માટે ઉપયોગી થઈ શકે તેવા વિષયો અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી.



ગાંધીનગર કોમ્પ્યુટર હાર્ડવેર એસોસિએશન દ્વારા શરદ પૂર્ણિમાની રાત્રે સભ્યો માટે રાસ ગરબાનું આયોજન સેક્ટર-૧૬ રંગમંચ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ફેઈટાના પ્રમુખશ્રી કૌશિકભાઈ પંડ્યા, મહાનગરપાલિકા સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન જીગાબાપુ, સહકારી આગેવાન કેતનભાઈ, કોર્પોરેટર પ્રણવભાઈ, મહાનગર ભાજપ અધ્યક્ષ મહેન્દ્રભાઈ દાસ જેવા ઘણા મહાનુભાવો અને સ્પોન્સર આઈટી કંપનીના ડિરેક્ટરોએ હાજરી આપી હતી. GCHA પ્રમુખ શ્રી જગદીશભાઈ અને તેમની ટીમ દ્વારા ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌને દુધ પૌંઆ અને જામનગરના પ્રખ્યાત ઘૂઘરાનો આસ્વાદ માણ્યો હતો.

## ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ રિસર્ચનો સ્થાપના દિન ઉજવાયો

ગાંધીનગર ખાતેની ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ રિસર્ચ એ નવીન આધુનિક યુનિવર્સિટી છે, જે વ્યવસાયિક રીતે કેન્દ્રિત અંડરગ્રેજ્યુએટ, અનુસ્નાતક અને સંશોધન ડિગ્રી પ્રોગ્રામ્સ પ્રદાન કરે છે. આઈઆઈઆરની સ્થાપના ૨૦૦૬માં ભારતના રાષ્ટ્રપતિ સ્વ. એ પી જે અબ્દુલ કલામ, સંસ્થાના ઉદ્ઘાટન કરનાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, જે તે સમયે ગુજરાતના મુખ્ય પ્રધાન હતા તેના ટેકાથી કરવામાં આવી હતી. યુનિવર્સિટીને ભારતની પુરી ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે, જેની સ્થાપના પ્રોફેસર નાથુરામ પુરીએ કરી છે, જે યુકેમાં અગ્રણી ઉદ્યોગપતિ છે જે વિશ્વભરમાં મેન્યુફેક્ચરિંગ અને અન્ય વ્યવસાયો સાથે યુકેમાં છે. યુનિવર્સિટી એ નફાકારક નથી અને તેનો એકમાત્ર હેતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે યુવા લોકો માટે વિશ્વની અગ્રણી શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ રીસર્ચ, ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે તેના દ્દ્રા ફાઉન્ડેશન ડેની ઉજવણી કરી હતી જેમાં પ્રોફે. ભામીદીમારી રાવ, ગાંધીનગર કોસ્ટગાર્ડના ચીફ ઓફ સ્ટાફ ડીઆઈજી રાજેશ મકવાણા, સ્ટાફના અન્ય મેમ્બર્સ તથા સ્ટુડન્સ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

## વૃક્ષો કાપનારાનું ''ભાથું'' પણ વૃક્ષના જ સહારે..!!!



''વૃક્ષ એ જીવન છે'' આવા સુત્રો આપણે શાળાઓની દિવાલે ચિતરાવી તો દીધાં પરંતુ હકીકતમાં જ્યારે થોડા વિકાસની જરૂરત જણાઈ ત્યાં આપણે ઘણાં વર્ષોની જહેમત પછી ઘેઘુર વિકસેલા વૃક્ષોને કાપતાં પળભરનો પણ વિલંબ કર્યો નથી. એક વૃક્ષ માનવીને જીવનમાં કેટકેટલુ આપે છે તેના નિબંધો પણ બાળકો પાસે ઘણાં લખાવ્યાં પરંતુ થોડુંક સહી લેવાને બદલે કે વૈકલ્પિક ઉપાય શોધવાને બદલે લીલાંછમ વૃક્ષોની કત્લેઆમ કરી દીધી છે. ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ઘ-૦ સર્કલે શહેરની શોભા સમાન લીલાછંમ વૃક્ષોની જે રીતે 'કતલ' કરવામાં આવી છે તેના પગલે સરેરાશ નાગરિકોની આંતરડી કકળી ઉઠી છે. આ વૃક્ષોને કાપવાનુ તથા તેના ટુકડાં કરીને ટ્રેક્ટરની ટ્રોલીઓમાં ભરવાની મજૂરીકામ કરતા શ્રમજીવીઓ પણ આખરે તો માનવી છે ને. કમને પણ પોતાની રોજગારી રળવાં કામે આવવું પડ્યુ હશે પરંતુ વૃક્ષોનું મહત્વ જીવનમાં શું છે તે તેમને પણ ખબર છે જ આ કામમાં રોકાયેલા એક શ્રમજીવીએ બાજુમાં વણ કપાયેલી કરણની ડાળીએ લટકાવેલુ તેનુ ''ટિફિન'' બહુ જ સૂચક રીતે સમજાવે છે જે વૃક્ષો માનવીનો પેટનો ખાડો પુરે છે તેને જ કાપવા છતાં તે વૃક્ષો જ માનવીનું ''ભાથુ'' પણ સંભાળે છે...વિધિની કેવી વિચિત્રતા..!!!

# કડી કેમ્પસમાં યુવા વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝમાં વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે અભ્યાસની સાથે વિદ્યાર્થીઓ સામાજિક ક્ષેત્રે પણ વિકાસ કરી શકે તે હેતુ કોલેજમાં 'વુમન ડેવલોપમેન્ટ સેલ'ની રચના કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ માટે સામાજિક વિકાસ હેતુ આ સેલ દ્વારા વિદ્યાર્થિનીઓ માટે ગ્રુમિંગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં વિદ્યાર્થિનીઓ માટે મહેંદી, મેક અપ, હેર સ્ટાઈલ, નેઈલ આર્ટ, ઓબ્જેક્ટ ડેકોરેશન, જ્વેલરી મેકિંગ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.



સમગ્ર સ્પર્ધા દરમિયાન વિદ્યાર્થિનીઓએ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, બી.સી.એ.ના દરેક સેમેન્ટરની વિદ્યાર્થિનીઓએ સિંગલ કે ગ્રુપ ઈવેન્ટમાં ભાગ લઈને પોતાની કળાનું નિદર્શન કર્યુ હતુ. સ્પર્ધામાં કુલ ૬૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે હરિતા પંડિતે પોતાની સેવાઓ આપી હતી. તમામ સ્પર્ધાઓના અંતે વિજેતા વિદ્યાર્થિનીઓને વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા ઈનામો આપવામાં આવ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું આયોજન સેલના કો ઓર્ડિનેટર પ્રો. જૈમિની કુલકર્ણી અને પ્રો. મોનિકા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# જિલ્લાને સૌ પ્રથમ ૧૦૦ ટકા નળ કનેકશન ધરાવતા જિલ્લાનું બિરૂદ અપાવશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા કલેકટર કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને આજરોજ ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા યુનિટની બેઠક મળી હતી. ગાંધીનગર જિલ્લાના ૩૦૩ ગામોમાંથી ૨૭૪ ગમોમાં ૧૦૦ ટકા નળ કનેકશનની સુવિધા છે. ૨૯ ગામોમાં ગામતળના ૫૬૮ ઘરોમાં નળ કનેકશન બાકી છે. બાકી રહેલા ગામતળના ઘરોમાં નળ કનેકશન આપવા માટે આજે મળેલી બેઠકમાં રૂપિયા ૧૭.૯૪ લાખના કામના ખર્ચેને મંજૂરી આપવામાં આવી છે.

કલેક્ટર કુલદીપ આર્યને માહિતી આપતાં વાસ્મોના યુનિટ મેનેજર એમ.કે. મહેશ્વરીએ જણાવ્યું હતું કે, 'નલ સે જલ' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૧૦૦ ટકા નળ કનેકશનની સુવિધા ખૂબ જ ટુંકા સમયમાં પૂર્ણ કરવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૨૨ સુધીમાં તમામ ઘરે નળ કનેકશનની જાહેરાત કર્યા બાદ ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગર જિલ્લાને સૌ પ્રથમ '૧૦૦ ટકા નળ કનેકશન ધરાવતો જિલ્લો' એવું બિરદુ અપાવવાની તંત્રની ઝુંબેશ સ્વરૂપે કામગીરી હાથ ધરવામાં આવી છે.

યુનિટ મેનેજર એમ.કે. મહેશ્વરીએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લાના ૩૦૩ ગામોમાંથી માણસાના ૫૯, કલોલના ૬૧, ગાંધીનગરના ૬૮ અને દહેગામ તાલુકાના ૮૬ ગામોમાં ૧૦૦ ટકા નળ કનેકશનની સુવિધા છે. તેમજ માણસાના ૮ ગામના ૧૦૪ ઘરોમાં નળ કનેકશન, કલોલના ૮ ગામના ૧૭૨ ઘરોમાં નળ કનેકશન, ગાંધીનગરના ૬ ગામના ૪૩ ઘરોમાં નળ કનેકશન તથા દહેગામ તાલુકાના ૭ ગામના ૨૪૯ ઘરોમાં નળ કનેકશન મળી કુલ ૨૯ ગામના ગામતળના ૫૬૮ ઘરોમાં નળ કનેકશન આપવાના બાકી છે. આ ૫૬૮ નળ કનેકશનના કામ માટેના રૂપિયા ૧૭.૯૪ લાખના ખર્ચે કરી ટુંકા સમયમાં આપી દેવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં એન.આર.ડી.ડબ્લ્યુ.પી. હેઠળ ગાંધીનગર જિલ્લામાં તા. ૧૩મી ઓકટોબર, ૨૦૧૯ અંતિત સુધીમાં ૩૦૩ ગામોમાંથી ૨૫૫ ગામો વાસ્મો અંતર્ગત જોડાયેલ છે. વાસ્મો સાથે જોડાયેલા માણસાના ૬૩ ગામોમાં ૮૨, કલોલના ૫૪ ગામોમાં ૮૦, ગાંધીનગરના ૬૩ ગામોમાં ૮૫ અને દહેગામ તાલુકાના ૭૦ ગામોમાં ૮૨ એન.આર.ડી.ડબ્લ્યુ.પી. હેઠળ કુલ- ૩૨૯ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. જેમાંથી ૩૨૬ યોજનાઓના કામ પૂર્ણ થઈ ગયા છે. ૩ યોજનાઓના કામ પ્રગતિ હેઠળ છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ, નિવાસી અધિક કલેક્ટર એચ.એમ. જાડેજા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જી.પી. બ્રહ્મભટ્ટ, વાસ્મોના ડિ.કો. ઓર્ડિનેટર અપેક્ષા પટેલ સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## સરકાર દ્વારા માંગણીઓનો સ્વીકાર નહી થાય તો આમરણાંત ઉપવાસ : વાલજીભાઈ રાઠોડ

ગાંધીનગર, તા.૧૪

થાનગઢ ફાયરીંગમાં વ્હાલસોયો પુત્ર ગુમાવનાર પિતાની પડતર માંગણીઓનો આજદિન સુધી ઉકેલ આવ્યો નથી. જેથી પુત્ર ગુમાવનાર પિતા હવે પડતર માંગણીઓ સંતોષાય તે માટે આમરણાંત ઉપવાસ અને છેલ્લે આત્મવિલોપનની ચિમકી ઉચ્ચારી હતી. થાનગઢ ફાયરીંગ કેસમાં પુત્ર ગુમાવનાર વાલજીભાઈ રાઠોડ ઉચ્ચકક્ષાએ રજુઆતો કરીને થાકી ગયા છે. તેઓની માંગણીઓ તંત્રના બહેરાકાને સંભળાતી નથી. ત્યારે હવે વાલજીભાઈ આત્મવિલોપન સુધીની તૈયારીઓ કરી લીધી છે. વાલજીભાઈએ આક્ષેપ કર્યો છે કે છેલ્લા આઠ વર્ષના સમયગાળાથી માત્ર એક જ જવાબ સાંભળવા મળે છે કે તપાસ ચાલુ છે, ત્યારે હવે હુ સરકારને મંગળવારના પાંચ વાગ્યા સુધીનું અલ્ટીમેટમ આપુ છુ.ત્યારબાદ હંમું આમરણાંત ઉપવાસ શરુ કરી દઈશ અને છતા તંત્ર દ્વારા નોંધ લેવામાં નહી આવે તો આત્મ વિલોપન કરવાની ફરજ પડશે જેની જવાબદારી રાજય સરકારની રહેશે.



વાલજીભાઈની મુખ્યમાંગણીઓમાં તાત્કાલીક ધોરણે ચાર્જશીટ, આરોપીઓને પકડી જેલ હવાલે કરવા, આઈએએસ સંજયપ્રસાદનો રિપોર્ટ જાહેર કરવો, દિકરી માટે સરકારી નોકરી, જયારે દિકરો ગુમાવતા મા-બાપને પેન્શન આપવાની માંગ કરી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ